# SHREE GHOGHARI DASHA DISHAWAL SAMAJ

**MUMBAI**

## –: શૈક્ષણિક ઈનામી યોજના હેઠળ ઈનામ વિતરણ :–

શ્રીમતી સરોજબેન ચંદ્રકાંન્તભાઈ શાહ, શૈક્ષણિક ઈનામી યોજના હેઠળ ફક્ત જ્ઞાતિનાજ ધોરણ ૧ થી ડીગ્રી સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ કે જેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ની પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તે સૌને તેમની માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળના ભાગમાં નામ, સરનામું, મોબાઈલ-ટેલીફોન નંબર લખી કુરિયર દ્વારા સમાજની બોરીવલી ઓફિસમાં ૧-૧૧-૨૦૧૯ સુધીમાં મોકલી આપવી.

ખાસ નોંધ :- કવર ઉપર **"Drop"** લખવું જરૂરી છે.
યોગ્ય વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સમાજની કમિટી નક્કી કરે તે મુજબ ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. સમારંભમાં હાજર રહેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જે ઈનામ આપવામાં આવશે.

શ્રી ધીરેનભાઈ જાટકિયા તરફથી, જેમણે પરિણામની નકલ મોકલી હોય પણ ઈનામને પાત્ર ન થયા હોય તે દરેકને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. તો દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ હાજર રહેવું જરૂરી છે.

## –: સમાજ તરફથી આપવામાં આવતી સહાયની વિગતવાર માહિતી :–

૧. ઠાકરસી મોરારજી વિદ્યોત્તેજક ફંડમાંથી ધોરણ ૧ થી ડીગ્રી સુધી ભણતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને વર્ષમાં એક વખત વિદ્યાર્થીદીઠ તેમણે ભરેલી ફી કે જે રૂ. ૧૦૦૦૦/- થી ઓછી હોય તો તે રકમ અથવા રૂા. ૧૦૦૦૦/- સુધીની રકમ ફી પેટે આપવામાં આવે છે.

૨. ભાવનાબેન જયંતકુમાર પારેખ કન્યા કેળવણી ફંડમાંથી જ્ઞાતિની વિદ્યાર્થીનીઓને વર્ષમાં એક વખત ધોરણ ૧ થી ડીગ્રી સુધીની ફી, ઓછામાં ઓછી તેમણે ભરેલી ફી કે રૂપિયા ૧૦૦૦૦/- ની રકમ જે ઓછી હોય તે આપવામાં આવે છે.

૩. જેમતીબેન મોહનલાલ પારેખ આર્થિક સહાય યોજના (poverty Relief Fund) હેઠળ જ્ઞાતિના જરૂરિયાત મંદ કુટુંબને વર્ષમાં એક વખત રૂ।. ૫૦૦૦/- ની સહાય કરવામાં આવે છે.

૪. સુરેન્દ્રકુમાર રસીકલાલ પારેખ મેડીકલ ફંડમાંથી વર્ષમાં એક વખત વધારેમાં વધારે રૂ।. ૧૦૦૦૦/- ની સહાય મેજર ઈન્વેસ્ટીગેશન માટે કુટુંબદીઠ આપવામાં આવે છે.
જો કોઈ કારણસર હોસ્પીટલમાં દાખલ થવું પડે તો રૂ।. ૧૫૦૦૦/- કુટુંબીદીઠ આપવામાં આવે છે. જે માટે હોસ્પીટલમાં દાખલ થયાના બીલ વગેરેની ઝેરોક્ક્ષ મોકલવાની રહેશે.
ઉપરની બે આઈટમ સિવાય અગર કોઈ ગંભીર બિમારી આવી પડે, જેવી કે હાર્ટએટેક, સ્ટેન્ટ બેસાડવો, કીડનીની બીમારી, બાયપાસ, કેન્સર, વગેરેની સારવાર માટે કમિટી મેમ્બરને યોગ્ય જણાતા રૂ।. ૨૫૦૦૦/- સુધીની સહાય મળી શકે છે.

૫. અમૃતલક્ષ્મી હાયર એજ્યુકેશન યોજના હેઠળ જ્ઞાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને વર્ષમાં એક વખત ગ્રેજ્યુએશન માટે રૂ।. ૫૦૦૦૦/- સુધીની લોન અને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે રૂ।. ૧૦૦૦૦૦/- સુધીની લોન આપવામાં આવે છે. જે માટે કમીટી મેમ્બરને મળવું જરૂરી છે. આ લોન ભણતર પુરુ થયા પછી એક વર્ષબાદ વગર વ્યાજે પરત કરવાની રહેશે.

૬. સુરજબેન ચંદુલાલ શાહ નોટબુક વિતરણ યોજના હેઠળ જ્ઞાતિના બાળકોને વિદ્યાર્થીદીઠ ૨ ૧/૨ ડઝન A4 સાઈઝની નોટબુક રાહત દરે આપવામાં આવે છે.

ઉપરોક્ત યોજનાઓમાં સારી રકમની જરૂર પડતી રહે છે. તો આપ સૌને નમ્ર વિનંતી કે આપ આપનાથી બનતી રકમ ડોનેશન રૂપે આપી આ યોજનાઓ ચાલુ રાખવા સહકાર આપશોજી, ‘‘વિના સહકાર નહી ઉદ્ધાર’’

# SHREE GHOGHARI DASHA DISHAWAL SAMAJ

**MUMBAI**

## નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૭૫ ને વિદાય કરી સંવત ૨૦૭૬ ને આવકારવા સૌ જ્ઞાતિજનો આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હશો. તો આવો આપણે સૌ જ્ઞાતિજનો સાથે મળીને નૂતન વર્ષનું સ્વાગત કરીએ અને સમાજના દરેક સભ્યોને આ નૂતનવર્ષ સુખ, શાંતિ અને સંપત્તિ આપનારૂ તેમજ આરોગ્યવર્ધક બની રહે તેવી શ્રી પરમકૃપાળુ પરમાત્માને તથા આપણા કુળદેવી શ્રી સિધ્ધાંબિકા માતાજીને પ્રાર્થના સાથે આપ સર્વેને નવા વર્ષના જયશ્રી કૃષ્ણ.

ગત વર્ષનું નૂતનવર્ષ સ્નેહ સંમેલન અતિ ઉત્સાહભેર રંગારંગ કાર્યક્રમથી સંપન્ન થયું. જ્ઞાતિજનો તરફથી આ કાર્યક્રમને ઘણો સારો પ્રતિસાદ મળ્યો. સાથે સાથે આવાજ કાર્યક્રમો દ્વારા સ્નેહસંમેલનની ઉજવણી કરતા રહેવાની સૂચનાઓ પણ મળતી રહી.

દિવાળીના આ શુભ પ્રસંગે સમાજ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે વડીલ ભાઈઓ-બહેનો, યુવાનો-યુવતીઓ અને બાળકોને સમાજ તરફથી આ સ્નેહસંમેલનમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા આમંત્રણ આપવામાં આવે છે.

### કાર્યક્રમની રૂપરેખા
### સ્નેહસંમેલન

તા. ૧૦-૧૧-૨૦૧૯ રવિવાર

સમય : સાંજે ૬ થી ૧૦ સુધી.

### —: સ્થળ :—

જ્ઞાન વિહાર, એમ્ફી થિયેટર,

બ્રહ્માકુમારી ગાર્ડન, દેવીદાસ લેન, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ

આ વર્ષનું સ્નેહસંમેલન................

Cultural પ્રોગ્રામ અને Variety Entertainment ના રૂપમાં ઉજવવાનું નક્કી કર્યું છે. જેમાં Western Dance - Indian Traditional Dance, Singing, Karaoke જેવી વિવિધ Item નો સમાવેશ કરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ તેમના નામ ૧૫-૧૦-૨૦૧૯ સુધીમાં સંગીતાબેન મનોજભાઈ મહેતાને ૯૯૨૦૬૮૩૮૮૩ ઉપર લખાવી દેવા જરૂરી છે. ભાગ લેનાર વ્યક્તિએ ૧૦-૧૫ દિવસનો સમય પ્રેક્ટીસ માટે ફાળવવો જરૂરી છે. જો યોગ્ય સંખ્યામાં નામ આવશે તો જ આ કાર્યક્રમ યોજવામાં આવશે. તો સમયસર આપના નામ લખાવી દેશોજી.

### —: પ્રતિભોજન :—

રાત્રે ૯.૦૦ કલાકથી

પ્રીતિ ભોજનના પાસની કિંમત રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે. ૫ વર્ષથી નીચેના બાળકો માટે પાસ લેવાના નથી. પાસ સંમેલન સ્થળેથી લેવાના રહેશે.

## –: નામ લખાવવા માટે કમીટી મેમ્બરની યાદી :–

| | | | |
|---|---|---|---|
| ભાયંદર | : | શ્રી ધીમંતભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ | ૯૯૬૭૨૨૦૭૭૭ |
| | | શ્રી ભરતભાઈ ઉત્તમલાલ મહેતા | ૯૩૨૨૨૯૫૧૭૯ |
| બોરીવલી | : | શ્રી મનોજભાઈ કાંતિલાલ મહેતા | ૯૩૨૨૨૮૩૮૮૩ |
| પાર્લા | : | શ્રી કપીલભાઈ કાનાણી | ૯૮૨૦૦૦૪૮૭૨ |
| | | શ્રી ધીરેનભાઈ જાટકીયા | ૯૩૨૨૨૪૨૬૨૫ |
| મુંબઈ | : | શ્રી યોગેશભાઈ શેઠ | ૯૩૩૩૪૪૯૪૫૪ |

સમાજની પરજ્ઞાતિમાં પરણાવેલ બહેન-દીકરીઓને પણ આ પ્રસંગે સમાજ તરફથી આમંત્રણ આપવામાં આવે છે. તો તેમને પણ આપ જાણ કરશોજી. આ પરીપત્રની જાણ આપના સગા-સંબંધીઓને કરી સહકાર આપરશોજી.

મનોજ કાંતિલાલ મહેતા
મંત્રી

મહેશ વૃજલાલ શાહ
પ્રમુખ